સેનેટરી માર્ટની ઉત્પાદિત સામગ્રી
માટે ભાવ નકકી કરવા માટે જિલ્લા
કક્ષાની સમિતિની રચના.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવક્રમાંક:– પરચ/૧૦૦૧/૧૨૫૯/ગ.
સચિવાલય ગાંધીનગર.
તારીખ :– 11 JUL 2003

વંચાણે લીધો :– (૧) ઉદ્યોગ અને ખાણ વિભાગ, સરકારી ઠરાવ ક્રમાંક: એસ પી ઓ/
૧૦–૨૦૦૧/૧૬૬૨–ગ તા:–૨૦/૧/૨૦૦૩

ઠરાવ :–

આમુખમાં દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ:— ૨૯/૧/૨૦૦૩ ના ઠરાવથી સરકારી કચેરીઓમાં ખરીદવામાં આવતી સ્વચ્છતા વિષયક સાધન સામગ્રી સેનેટરી માર્ટમાંથી વગ ટેન્ડરે ખરીદવા માટે સદરહું ઠરાવની શરત નંબર ૬ને આધિન ઠરાવવામાં આવેલ છે. આ શરતમાં જણાવ્યા અનુસાર જુદા જુદા સેનેટરી માર્ટની ઉત્પાદિત સામગ્રી સમાન ગુણવત્તા અને વ્યાજબી ભાવે મળી રહે તે ભાવ નકકી કરવા આ વિભાગ દ્વારા અને આ વિભાગ હેઠળ જરૂરી તંત્ર ગોઠવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની પુખ્ત વિચારણા કર્યા બાદ જીલ્લા કક્ષાએ નીચે મુજબ તંત્ર ગોઠવવા નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | સંબંધિત જિલ્લાના પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી | કન્વીનરશ્રી |
| ૨ | મદદનીશ જિલ્લા મેનેજરશ્રી,સફાઈ કામદાર વિકાસ નિગમ | સભ્યસચિવશ્રી |
| ૩ | સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૪ | સેનેટરી માર્ટના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૫ | ગુજરાતસફાઈ કામદાર વિકાસ નિગમના સંબંધિત જીલ્લાના બોર્ડ ઓફ ડીરેકટરર્સ નાં સભ્ય | સભ્યશ્રી |
| ૬ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) ગ્રામ્ય વિસ્તાર માટે | સભ્યશ્રી |

૩. હાલ આ સમિતિની મુદત ૧ વર્ષની રહેશે.

૪. આ સમિતિ વર્ષ દરમ્યાન કેટલી વખત મળી, કેટલા સભ્યોએ હાજરી આપી,કેટલા સમયમાં કામનો ઉકેલ થયો વિગેરે બાબતો સરકારશ્રીમાં રજુ કરવાની રહેશે.

૫. આ ઠરાવ સરકારશ્રીની તા.૯/૭/૨૦૦૩ ના રોજ મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

( બી.પી. પ્રજાપતિ )
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

- મા. મંત્રીશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર તમામ સેનેટરી માર્ટને તેમજ મદદનીશ જીલ્લા મેનેજરશ્રીને જાણ કરવાની વિનંતી સાથે.
- ઉધોગ અને ખાણ વિભાગની – ચ – શાખા, સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો.
- તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી.
- તમામ સમાજ કલ્યાણ અધિકારીશ્રી,
- તમામ જિલ્લા ઉધોગ મેનેજરશ્રી,
- સિલેકટ ફાઈલ.

G-65-66-22-03